૭

<u>અગત્યનું /કાર્યવાહી નોંધ</u>

ફા.ક: અપગ/૧૨/૨૦૧૯/૬૫૯૬૬૯/છ-૧
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
બ્લોક નં.૫, ૯મો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તા:૧૨/૧૦/૨૦૨૧.

પ્રતિ,

1) અધિક મુખ્ય સચિવશ્રી (ગૃહ વિભાગ),સચિવાલય, ગાંધીનગર
2) અધિક મુખ્ય સચિવશ્રી (મહેસુલ વિભાગ),સચિવાલય, ગાંધીનગર
3) અધિક મુખ્ય સચિવશ્રી (નાણા વિભાગ),સચિવાલય, ગાંધીનગર
4) અધિક મુખ્ય સચિવશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ), સચિવાલય, ગાંધીનગર
5) અગ્ર સચિવશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
6) સચિવશ્રી (મહિલા અને બાળ વિકાસ વિભાગ), સચિવાલય, ગાંધીનગર
7) સચિવશ્રી (કાયદા વિભાગ), સચિવાલય, ગાંધીનગર
8) સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ
9) કમિશનરશ્રી (આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ), ગાંધીનગર
10) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગર.
11) સભ્ય સચિવશ્રી, સ્ટેટ લીગલ સર્વીસ ઓથોરીટી, અમદાવાદ
12) અધિક્ષકશ્રી, ગુજરાત સ્ટેટ મેન્ટલ હેલ્થ ઓથોરીટી અમદાવાદ.

વિષય: માનસિક બીમારીમાંથી સાજા થયેલ સ્ત્રી/પુરુષો માટે પુન: વર્સન ગૃહ શરૂ કરવા બાબતે <u>મુખ્ય સચિવશ્રીની અધ્યક્ષતા રચવામાં આવેલ સમિતિની તા.૦૬/૧૦/૨૦૨૧ના રોજ યોજાયેલ દ્વિતીય બેઠકની કાર્યવાહી નોંધ બાબત.</u>

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, Writ Petition (C) No.412/2016 Gaurav Kumar Bansal Vs. Mr. Dinesh Kumar & Ors. કેસ અંતર્ગત મુખ્ય સચિવશ્રીની અધ્યક્ષતામાં રચવામાં આવેલ મોનિટરિંગ સમિતિની દ્વિતીય બેઠક તા.૦૬/૧૦/૨૦૨૧ના રોજ ૦૪:૧૫ કલાકે યોજવામાં આવેલ હતી. સદર બેઠકની મંજૂર રહેલ કાર્યવાહી નોંધની નકલ આ સાથે સામેલ છે.

Writ Petition (C) No.412/2016 Gaurav Kumar Bansal Vs. Mr. Dinesh Kumar & Ors કેસ અંતર્ગત નામદાર સુપ્રિમ કોર્ટમાં ડિસેમ્બર, ૨૦૨૧ના પ્રથમ અઠવાડિયામાં સ્ટેટસ રિપોર્ટ ફાઇલ કરવાનો રહે છે. આથી સદર બેઠકમાં મુખ્ય સચિવશ્રી દ્વારા

(P.T.O.)

આપવામાં આવેલ સૂચનાઓ મુજબ આપના વિભાગને સબંધિત સૂચનો પરત્વે કાર્યવાહી કરવા તથા કરેલ કાર્યવાહી અંગેની જાણ અત્રે તા.૩૧/૧૧/૨૦૨૧ સુધીમાં કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(જી.પી.પટેલ)
નાયબ સચિવ,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

બિડાણ: ઉપર મુજબ

<u>નકલ રવાના:-</u>

- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશ તરફ જાણ સારૂ.
- સેકશન અધિકારીશ્રી, કો-સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ. કાર્યવાહી નોંધને વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ.

તાઃ-૦૬/૧૦/૨૦૨૧ના રોજ મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષપદે માનસિક બિમારીમાંથી સાજા થયેલા લોકોના પુનઃવસન માટે ચર્ચા કરવા મળેલ બેઠકની કાર્યવાહી નોંધઃ-

---

આ બેઠકમાં નીચે મુજબના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા.

| ક્રમ | નામ | હોદ્દો | વિભાગ |
|---|---|---|---|
| ૧ | શ્રી પંકજ કુમાર | મુખ્ય સચિવ | ગુજરાત સરકાર |
| ૨ | શ્રીમતી સુનયના તોમર | અધિક મુખ્ય સચિવ | સામાજિક ન્યાય અને અધિ. વિભાગ |
| ૩ | શ્રી મનોજ અગ્રવાલ | અધિક મુખ્ય સચિવ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિ. |
| ૪ | શ્રી કમલ દયાણી | અધિક મુખ્ય સચિવ | મહેસુલ વિભાગ |
| ૫ | શ્રી એસ. બી. વસાવા | સચિવ | માર્ગ અને મકાન વિભાગ |
| ૬ | શ્રીમતી મનીષા ચન્દ્રા | સચિવ (ખર્ચ) | નાણાં વિભાગ |
| ૭ | શ્રી કે. કે. નિરાલા | સચિવ | મહિલા અને બાળ વિકાસ વિભાગ |
| ૮ | શ્રીમતી નિપુણા તોરવણે | સચિવ | ગૃહ વિભાગ |
| ૯ | શ્રી આલોક પાન્ડેય | નિયામક | રોજગાર અને તાલીમ |
| ૧૦ | શ્રી પી. એલ. સોલંકી | નિયામક | સમાજ સુરક્ષા |
| ૧૧ | શ્રી આઇ. એન. કુરેશી | અધિક સચિવ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિ. |
| ૧૨ | ડૉ અજય ચૌહાણ | સચિવ | રાજ્ય મેન્ટલ હેલ્થ ઓથોરીટી |
| ૧૩ | શ્રી જી. પી. પટેલ | નાયબ સચિવ | સામાજિક ન્યાય અને અધિ. વિભાગ |
| ૧૪ | શ્રી ડી. એસ. વ્યાસ | નાયબ સચિવ | લીગલ વિભાગ |
| ૧૫ | શ્રી એસ. કે. પટેલ | ચીફ એન્જીનીયર | માર્ગ અને મકાન વિભાગ |
| ૧૬ | શ્રીમતી હંસા વાળા | નાયબ નિયામક | સમાજ સુરક્ષા ખાતું |

અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)એ ઉપસ્થિત સભ્યશ્રીઓને આવકારીને આ બેઠકની શરૂઆત કરી. ત્યારબાદ નામદાર સર્વોચ્ચ અદાલતમાં **માનસિક બિમારીમાંથી સાજા થયેલા લોકોના પુનઃવસન** બાબતે દાખલ થયેલ જાહેર હીતની અરજી અન્વયે નીચે મુજબના મુદ્દાઓની ચર્ચા કરવામાં આવેલ.

(૧) પુનઃસ્થાપન ગૃહમાં રહેતા બધા જ અંતેઃવાસીઓ અને કર્મચારીઓનું કોવિડ-૧૯ રસીકરણ થઇ જાય તે જોવું. હાલમાં જામનગરના ફકત એક અંતેઃવાસીને રસીનો બીજો ડોઝ આપવાનો બાકી છે. જ્યારે સાત કર્મચારીઓને બીજો ડોઝ આપવાનો બાકી છે. જે સત્વરે પૂર્ણ કરવા સૂચના આપવામાં આવેલ.

(કાર્યવાહીઃ- નિયામકશ્રી (સ.સુ.) /કમિશનરશ્રી, આરોગ્ય)

(૨) માનસિક બિમારીની સારવાર માટેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ સંચાલિત હોસ્પિટલોમાં દાખલ દર્દીઓ અને સ્ટાફનું સંપૂર્ણ રસીકરણ કરવા બાબતે મળેલ વિગતો મુજબ હાલમાં દાખલ કરવામાં આવેલ તમામ ૬૨૬ દર્દીઓનું સંપૂર્ણ રસીકરણ થઇ ગયેલ છે. જ્યારે ૪૨૩ કર્મચારીઓ પૈકી ૪૫ કર્મચારીઓને બંને ડોઝનું રસીકરણ બાકી છે. જે અન્વયે ઝુંબેશ હાથ ધરીને સંપૂર્ણ રસીકરણ કરવા **મુખ્ય સચિવશ્રીએ સુચના** આપી.

(કાર્યવાહીઃ- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ)

(૩) માનસિક બિમારીમાંથી સાજી થયેલ વ્યકિતઓને પુનઃવસન ગૃહમાં તબદિલ કરવા બાબતે હાલ રાજ્યના ૭ જિલ્લાઓમાં એવા પુનઃવસન ગૃહો કાર્યરત છે. જે સમાજ સુરક્ષા નિયામક હસ્તકના ખાલી મકાનમાં તેમજ ભાડાના મકાનમાં કાર્યરત છે. હવે આ ૭ જિલ્લાઓમાં નવા પુનઃવસન ગૃહો બનાવવાની કાર્યવાહી ચાલુ છે. જે પૈકી અમદાવાદ, કચ્છ અને ગાંધીનગર જિલ્લાઓના ગૃહોના નકશા, અંદાજ અને તાંત્રિક મંજૂરીની કાર્યવાહી નવેમ્બર-૨૦૨૧ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે તેમ સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગે જણાવેલ. સુરત અને વડોદરા જિલ્લાઓના ગૃહોની સુધારેલ વહીવટી મંજૂરી માટે ફાઇલ નાણાં વિભાગમાં છે. જેને સત્વરે મંજૂરી આપવામાં આવશે તેમ સચિવશ્રી(ખર્ચ)એ જણાવેલ. જ્યારે રાજકોટ અને જામનગર જિલ્લાઓમાં જમીન ફાળવણીની કાર્યવાહી પ્રક્રિયામાં છે. જે અન્વયે એક અઠવાડિયામાં આ કાર્યવાહી પૂર્ણ કરવામાં આવશે. તેમ અધિક મુખ્ય સચિવશ્રી,(મહેસૂલ)એ જણાવેલ.

(કાર્યવાહીઃ- સચિવશ્રી(ખર્ચ) નાણા વિભાગ, અસ.મુ.સચિવશ્રી(મહેસૂલ),
સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ)

(૪) ભારત સરકારના દિવ્યાંગજન સંશક્તિકરણ વિભાગની તા.૧૮.૦૮.૨૦૧૭ની ગાઈડલાઇન મુજબ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા શરૂ કરાયેલ પુનઃસ્થાપન ગૃહોમાં તબીબી વિષયક સેવાઓની જગ્યાઓ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા પુરી પાડવામાં આવશે તેમ અધિક મુખ્ય સચિવશ્રી(આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ) દ્વારા જણાવવામાં આવેલ.

(કાર્યવાહીઃ- અ.મુ.સ.શ્રી,આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ)

(૫) શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા નિયામકશ્રી સમાજ સુરક્ષા પાસેથી પુનઃસ્થાપન ગૃહોમાં રહેતા અંતેવાસીઓની વિગતો મેળવી કૌશલ્ય વિકાસ માટે જરૂરી કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવેલ છે.

(કાર્યવાહીઃ-નિયામકશ્રી, રોજગાર અને તાલીમ)

(૬) કમિશનરશ્રી, મહિલા અને બાળ વિકાસએ જણાવેલ કે અગાઉ યોજાયેલ મિટિંગમાં નક્કી થયા મુજબ નારી કેન્દ્ર, અમદાવાદને માનસિક બિમારીમાંથી સારવાર લીધા બાદ સાજી થયેલ સ્ત્રીઓ માટે પુનઃવસન ગૃહ જાહેર કરેલ છે જે એક વૈકલ્પિક વ્યવસ્થા છે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા જ્યા સુધી સ્થાયી વ્યવસ્થા ન થાય ત્યા સુધી તેઓ આ વૈકલ્પિક વ્યવસ્થા ચાલુ રાખશે. જેને અધ્યક્ષશ્રી દ્વારા માન્ય રાખવામાં આવેલ.

(કાર્યવાહીઃ-કમિશનરશ્રી,મહિલા અને બાળ વિકાસ)

(૭) ગૃહ વિભાગ દ્વારા જ્યારે પણ જરૂર પડશે ત્યારે વાહન સહીત પોલીસ બંદોબસ્તની વ્યવસ્થા કરવામાં આવશે તેમ સચિવશ્રી, ગૃહ વિભાગ દ્વારા જણાવવામાં આવેલ.

(કાર્યવાહીઃ-સચિવશ્રી, ગૃહ વિભાગ)

(૮) નામ. સુપ્રિમ કોર્ટના તા.૦૧.૦૯.૨૦૨૧ના આદેશ મુજબ ગૃહોમાં મહિલાઓને સેનેટરી નેપકિન્સ પુરા પાડવા, મહિલાઓની ગરિમાની જાળવણી, ઇચ્છા વિરુધ્ધ વાળ ન કાપવા, આધાર કાર્ડ બનાવવા, દિવ્યાંગતા પેન્શન અપાવવા તેમજ માતાને તેમના સંતાનથી અલગ ન કરવા જેવી કાર્યવાહી કરવા મુખ્ય સચિવશ્રી દ્વારા સુચના આપવામાં આવેલ. જ્યારે ગૃહોમાં પ્રવેશ પામેલ

અંતેવાસીઓને દિવ્યાંગતા સર્ટિફિકેટ બનાવવા અંગેની કાર્યવાહી કરવા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને જણાવવામાં આવેલ.

(કાર્યવાહીઃ- અ.મુ.સ.શ્રી,આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
અ.મુ.સ.શ્રી, સામાજિક ન્યાય અને અધિ. વિભાગ)

(૯) શરૂ કરાયેલ પુનઃસ્થાપન ગૃહોની મુલાકાત લઇ ગૃહોની સુવિધાની ચકાસણી કરવા અને અંતેવાસીઓ ગૃહોમાં વિશેષ સુવિધાનો અનુભવ કરે તે મુજબની વ્યવસ્થા સુસ્થાપિત કરવા મુખ્ય સચિવશ્રી દ્વારા સૂચના આપવામાં આવેલ.

(કાર્યવાહીઃ- તમામ વિભાગો)

અંતમાં ફરજ પાલન ઉપરાંત પોતાની સામાજિક જવાબદારી સમજી પુનઃસ્થાપન ગૃહોની વ્યવસ્થા યોગ્ય રીતે જાળવવાની કાર્યવાહી કરવા મુખ્ય સચિવશ્રીએ તમામ અધિકારીશ્રીઓને જણાવી બેઠક પૂર્ણ જાહેર કરેલ.

સભ્ય સચિવ અને અધિક મુખ્ય સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.